## મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટેની સૂચના

સ્થળઃ- ગાંધીનગર
તારીખઃ- ૨૨/૨/૧૮

પ્રેષકઃ- પુંજાભાઈ વંશ

વિ.સ.સ. ૯૬-ઉના

પ્રતિ
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

શ્રીમાન,

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે હું માનનીય ....શિક્ષણ(ઉ).... મંત્રીશ્રીનું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પરત્વે ધ્યાન દોરવાની સૂચના આપું છું અને માનનીય મંત્રીશ્રી તે બાબત ઉપર નિવેદન કરે તેવી વિનંતી કરું છું.

બાબત

તાજેતરમાં વડોદરાની પારૂલ યુનીવર્સિટીમાં વિદ્યાર્થીઓ પાસે કરાવાતા ખોટા કામો કરાવવા, વધારે ફી ઉઘરાવી અને હાજરી ઓછી કહીને ફોર્મ રોકવા, નિયમ વિરૂધ્ધ કોલેજની પરમીશનથી વધુ એડમીશન આપવા, ખાલી ઈન્સ્પેકશનના દિવસે જ સ્ટાફને હાજર રાખવા અને ફી ભર્યાની રિસીપ્ટ ડિલીટ કરી બેલેન્સશીટમાં આવક ઓછી વગેરે બાબતોની મરતા પહેલાં ૮ પાનાની ચિઠ્ઠી લખીને [વિદ્યાર્થીએ] યુનિવર્સિટીના કર્મચારીએ કંટાળીને આપઘાત કરેલ છે કે મરણ પામેલ છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીમાં ફેલાયેલ ભય અને રોષ દુર કરવા સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાંઓ

22/2/18
11.25 am

આપનો વિશ્વાસુ,

સહીઃ- પુંજાભાઈ વંશ

વિધાનસભા સભ્યશ્રીનું નામઃ- પુંજાભાઈ વંશ

મત વિભાગ...

2018-9-18 18:39

ગુજરાત સમાચાર, તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૮
ગુરુવાર

## વડોદરાના કમાટીબાગ પાસે પાર્ક કરેલી કારમાંથી

# પારૂલ યુનિવર્સિટીના કર્મચારીનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં મળ્યો

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,તા. ૨૧

વિવાદાસ્પદ પારૂલ યુનિવર્સિટીના એકાઉન્ટ વિભાગના કર્મચારીનો મૃતદેહ કાલે રાત્રે તેની જ કારમાંથી કમાટીબાગ પાસેથી મળી આવ્યો હતો. મૃતકના સગાભાઈએ સીધો જ આક્ષેપ કર્યો હતો કે પારૂલ યુનિવર્સિટીના મેનેજમેન્ટ દ્વારા છેલ્લા કેટલાક સમયથી તેના ભાઈને ત્રાસ અપાતો હતો અને તેના ભાઈની હત્યા કરી દેવાઈ છે. મૃતકના ભાઈના આ આક્ષેપ સાથે જ પોલીસ પણ દોડતી થઈ હતી અને આજે દિવસ ભર પુરાવા એકઠા કરવા મહેનત કરી હતી પરંતુ પોલીસ તપાસને ઊંધી દિશામાં લઈ જતી હોવાનો આક્ષેપ પણ મૃતકના ભાઈ અને મૃતકના સગીર પુત્રએ કર્યો હતો.

## છેલ્લા કેટલાક સમયથી વિવાદના પગલે પારૂલ યુનિ.ના મેનેજમન્ટે હત્યા કરાવી હોવાનો કર્મચારીના ભાઈ અને પુત્રનો આક્ષેપ

આ સમગ્ર ઘટનાની વિગતો એવી છે કે, પારૂલ યુનિવર્સિટીમાં છેલ્લા ૬ વર્ષથી વિવિધ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરી ચુકેલ અને હાલમાં એકાઉન્ટ વિભાગમાં કામ કરતા હરિશ ઈશ્વરભાઈ રાણા (ઉ.૪૪) પત્ની રૂપલ, પુત્રો રૂષી (ઉ.૧૭) અને વેદાંત (ઉ.૮) સાથે ડી.૧૦૪, ટાગોર નગર, ઓલ્ડ પાદરા રોડ પર રહેતા હતા.

કાલે મંગળવારે સવારે તેઓ નિત્યક્રમ મુજબ સવારે ૮.૩૦ વાગ્યે ઘરેથી કાર લઈને પારૂલ યુનિવર્સિટી જવા નીકળ્યા હતા. સામાન્ય રીતે તેઓ સાંજે ૭ વાગ્યાની આસપાસ ઘરે પરત આવી જતા હોય છે પરંતુ ૮ વાગ્યા સુધી ઘરે નહી આવતા પુત્ર રૂષીએ ફોન લગાવ્યો હતો. ફોન સ્વિચ ઓફ આવતો હતો એટલે રૂષીએ તુરંત કાકા શૈલેષભાઈને જાણ કરી હતી. પરિવારના સભ્યોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતું.

રૂષી અને તેનો મિત્ર તુરંત બાઈક લઈને પારૂલ યુનિવર્સિટી પહોંચ્યા હતા તો

(અનુસંધાન ૧૫મે પાને)

## પારૂલ

(પહેલા પાનાનું ચાલુ)

સિક્યોરિટીએ કહ્યું હતુ કે બધી ઓફિસો બંધ થઈ ગઈ છે અને અંદર કોઈ નથી. રૂષી અને તેનો મિત્ર બાઈક પર પરત આવી રહ્યા હતા તે સમયે જ જોગાનુજોગ કમાટીબાગ પાસે પાર્ક કરેલી તેઓની કાર રૂષીના ધ્યાન પર આવી હતી. કાર પાસે જઈને જોયુ તો હરીશભાઈ ડ્રાઈવર સીટ પર બેભાન અવસ્થામાં હતા અને માથુ ડાબી તરફ ઢળેલુ હતું.

કાર લોક કરેલી હતી એટલે રૂષી અને તેના મિત્રએ કારના ડ્રાઈવર સાઈડ પાછળની સીટનો કાચ તોડીને કારનું લોક ખોલ્યુ હતુ અને હરીશભાઈને બહાર કાઢીને રિક્ષા દ્વારા નજીકમાં આવેલી નરહરી હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં ડોક્ટરોએ હરિશભાઈને મૃત જાહેર કર્યા હતા.

# મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટેની સૂચના

સ્થળ:- ગાંધીનગર
તારીખ:- ૨૬/૨/૧૯

પ્રેષક:- કિરીટ પટેલ

વિ.સ.સ.
૧૯ પાટણ

પ્રતિ
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

શ્રીમાન,

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે હું માનનીય મહેસૂલ વિભાગ મંત્રીશ્રીનું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પરત્વે ધ્યાન દોરવાની સૂચના આપું છું અને માનનીય મંત્રીશ્રી તે બાબત ઉપર નિવેદન કરે તેવી વિનંતી કરું છું.

બાબત

તાજેતરમાં પાટણ જીલ્લાના સમી તાલુકાના દુદખા ગામના દલિત પરિવારની જમીનની માંગણી લાંબા સમયથી કલેકટર કચેરીમાં પડતર હતી તેનો કોઇ સંતોષકારક ઉકેલ ન આવતા દલીત યુવાને આત્મવિલોપન કરેલ છે અને હાલમાં ગંભીર રીતે દાઝી જતા સારવાર હેઠળ દવાખાને છે. પ્રજાના પ્રશ્નોનો કલેકટર કચેરીમાં સમયસર ઉકેલ ન આવતા અને આત્મવિલોપનની ઘટનાથી આમ જનતામાં રોષની લાગણી ફેલાયેલ છે જે નિવારવા સરકારે લીધેલા કે લેવા ધરેલા પગલા

૧૬/૨/૧૯
૧૦-૫૫

આપનો વિશ્વાસુ,
સહી:-

૧૯
વિધાનસભાના સભ્યશ્રીનું નામ

તા. ૧૬।૨।૨૦૧૮
શુક્રવાર



જમીન રિ-ગ્રાન્ટની પ્રક્રિયા ટલ્લે ચડતા હતાશ થયેલા દલિત આધેડનું પાટણમાં અગ્નિસ્નાન

# લીસ-ફાયરબ્રિગેડ છતાં માણસ ભડકે બળ્યો





ગાંધીનગર, પાટણ, તા.૧૫

પાટણ કલેક્ટર કચેરીમાં ગુરૂવારની બપોરે ૬૦ વર્ષના દલિત સમાજીક કાર્યકરે શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરતા અરેરાટી પ્રસરી હતી. પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની હાજરીમાં રિટાયર્ડ ...ટી અને ઊંઝાના ભાનુપ્રસાદ વણકર પોતાના ...રે દિવાસળી ચાંપીને ભડકે બળ્યા હતા. જમીન રિ-ગ્રાન્ટ કરવાની પ્રક્રિયામાં થતા વિલંબથી કંટાળેલા ભાનુપ્રસાદને અમદવાદની પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યાં તેમની સ્થિતિ અત્યંત નાજૂક હોવાનું કહેવાય છે.

સમી તાલુકાના દુદખા ગામે રહેતા હેમાબહેન કાન્તીભાઈ વણકર અને રામભાઈ મઘાભાઈ ચમારે ચાકરીયાત પસાયતાની જમીન રિ-ગ્રાન્ટ કરવા વર્ષ ૨૦૧૫માં કરેલી અરજીમાં પુષ્કળ વિલંબ થતો હતો. તેમની સાથે અરજી કરનારા અનેક ખેતમજૂરોને જમીન રિ-ગ્રાન્ટ કરતા હુકમો થયા પણ પોતે અનુસુચિત જાતિના હોવાથી ભેદભાવ થઈ રહ્યાની ફરીયાદો વારંવાર કલેક્ટરથી લઈને મુખ્યમંત્રીને કરી હતી. ગત સપ્તાહે આ બંનેએ ઊંઝા સ્થિત સામાજિક કાર્યકર ભાનુપ્રસાદ જેઠાલાલ વણકરની સાથે ૧૫મી ફેબ્રુઆરીએ પાટણ કલેક્ટર કચેરીમાં આત્મવિલોપન કરશે તેવી લેખિતમાં ચિમકી આપી હતી. જેથી ગુરૂવારે કચેરીમાં પોલીસ ખડકી દેવાઈ હતી. આમ છતાંયે બેનર્સ સાથે આવેલા પિડિતો પોતાની જાત પર કેરોસીન છાંટવામાં સફળ રહ્યા હતા જો કે, પોલીસે પકડી લીધા હતા. આ દરમિયાન કચેરીના ઝાંપેથી ...સીન છાંટી, દિવાસળી ચાંપી બુમો પાડતા ...નુપ્રસાદે સંકૂલમાં દોડદોડ કરતા ફાયર બ્રિગેડે ફાયર એક્સ્ટીંગવીશરથી આગ બુઝાવી ત્યાં સુધીમાં તો તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા.

આ ઘટનાથી સરકાર નાગરીકોમાં ભારે રોષ ભભૂક્યો છે. ધારાસભ્યો, દલિત આગેવાનો પાટણ દોડી આવ્યા હતા અને ભાનુપ્રસાદને સારવાર અર્થે અમદાવાદ લઈ આવ્યા છે જ્યાં તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાય છે.

**કલેક્ટરથી CMO સુધી વારંવાર રજૂઆતો છતાંય ન્યાય ન મળતા દલિત પરિવારે આત્મવિલોપનની ચીમકી આપી હતી**

**શરીરે કેરોસીન છાંટી ભડકે બળેલા દલિત આધેડને ગંભીર હાલતમાં અમદાવાદની પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરાયા**

## રિ-ગ્રાન્ટ માટે સરકારમાં પૈસા ભર્યા છતાંયે કામગીરી જ ઠપ

બ્રિટિશરૂલ કે તે પહેલાની રાજાશાહીમાં ચાકરીયાત કે પસાયતાને આજીવિકા માટે જમીન ફાળવાતી હતી. સમીના દુદખા ગામે વણકર હેમાબહેન અને ચમાર રામાભાઈના પરીવારોને પણ વર્ષો પહેલા આવી જમીન મળી હતી. જો કે, વર્ષ ૧૯૫૫માં તેમાં કાચા મકાનને દબાણ ગણીને પાછળથી આ જમીન કલેક્ટરે પોતાને હસ્તક એટલે કે શ્રી સરકાર કરી લીધી હતી. આવા સામાન્ય કારણોસર શ્રી સરકાર થયેલી ચાકરીયાત પસાયતોને પોતાનો અધિકાર પરત મળે તે ઉદ્દેશ્યથી મહેસૂલ વિભાગે વર્ષ ૨૦૧૩માં ૧૦મી ઓક્ટોબરે નિર્ણય કરીને તેની પ્રક્રિયા સાથે ઠરાવ પ્રસિધ્ધ કર્યો હતો. તેના હેઠળ હેમાબહેને સરકાર દબાણને નિયમિત કરીને દુદખા ગામે ૮ હેક્ટર ઉપરાંત ક્ષેત્રફળની જમીન રિ-ગ્રાન્ટ કરે તેના માટે અરજી કરી હતી. તેના માટે તેમણે રૂ.૨૨,૨૩૬ની રકમ અને તેમનું ચલણ સરકારમાં જમા પણ કરાવ્યુ હતુ. આમ છતાંયે કોઈ આગળની કાર્યવાહી થતી નહોતી. આથી, તેમણે ભેદભાવની ફરીયાદો કરીને આત્મવિલોપનની ચિમકી આપી. મુખ્યમંત્રી કાર્યલાયમાં સબમિટ રિપોર્ટ મુજબ આ ચિમકી બાદ સરકારે ઉધરાણી કરતા છેક ૩૦મી જાન્યુઆરીએ પાટણ કલેક્ટરે દબાણ નિયમિત કરીને જમીન રિ-ગ્રાન્ટ કરવાની દરખાસ્ત મહેસૂલ વિભાગને મોકલી છે. આમ, પૈસા ભર્યા પછી પણ ગતિશીલ ગુજરાતની કાર્યવાહી ઠપ થતા દલિત પરીવારે આ પગલુ ભર્યુ હોવાનુ કહેવાય છે.

**ચીમકી આપ્યા પછી છેક 30મી જાન્યુ.એ કલેક્ટરે સરકારને દરખાસ્ત મોકલી**

## સરકારી સિસ્ટમ સામે લોકોમાં ભારે આક્રોશ, આજે પાટણ બંધ

આંબેડકરવાદી અને ફાઈવકાસ્ટ યુથ ગ્રુપના મંત્રી ભાનુપ્રસાદ વણકરે પાટણ કલેક્ટર કચેરીમાં આત્મવિલોપન કર્યાની ઘટનાથી તેમની સાથે જોડાયેલા દલિત કર્મશીલો જ નહી, સામાન્ય નાગરીકોમાં પણ સરકારી સિસ્ટમ સામે આક્રોશ ફાટી નિકળ્યો છે. ઘટનાને પગલે પાટણ પહોંચેલા વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ શુક્રવારે પાટણ બંધનું એલાન આપ્યુ છે. હૈયુ હચમચાવી મુકે તેવી આ ઘટના બાદ પણ રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વર પરમાર ભાજપના ઉમેદવારોને જીતાડવા નગરપાલિકાની ચૂંટણીઓનો પ્રચાર કરી રહ્યા હતા. બીજી તરફ કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય શૈલેષ પરમારે પાટણ કલેક્ટર ઓફિસે પહોંચીને પિડિતોને તાત્કાલિ ન્યાય આપવા માંગણી કરી હતી. મોડી રાત સુધી કચેરીમાં અડિંગો જમાવીને રિ-ગ્રાન્ટની જમીન છુટી કરવા બેસી ગયા હતા. બીજી તરફ પાટણ પહોંચેલા જિગ્નેશ મેવાણી અને તેમના સાથીદારો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા ભાનુપ્રસાદને અમદાવાદની પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. તેમણે આ ઘટના માટે કલેક્ટર અને જિલ્લા પોલીસને જવાબદાર ગણીને તાત્કાલિક સસ્પેન્ડ કરવા માંગણી કરી હતી. મોડી રાત્રે રોષે ભરાયેલા દલિત યુવાનોએ ઈડરથી ચૂંટાયેલા ભાજપના ધારાસભ્ય હિતુ કનોડિયા, પાટણ આવેલા રેન્જ આઈજી પિયુષ પટેલનો વિરોધ કરીને સુત્રોચ્ચાર કરતા આખોય મામલો અત્યંત સંવેદનશીલ બન્યો છે.

**સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી ચૂંટણી પ્રચારમાં ફરતા રહ્યા, મેવાણીએ મોરચો સંભાળ્યો**